# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### કપડવંજમાં શિક્ષણ જગતને શરમાવે તેવી બે ગંભીર ઘટનાઓ સામે આવી : મજૂરી કરાવવા બદલ શિક્ષકો સામે કડક પગલાં લેવાની માંગ

# કપડવંજમાં વિદ્યાર્થીઓ પાસે સાયકલ ઉતરાવી!

**'ભણશે** ગુજરાત'ના દાવા પોકળ, બાળકો પાસે મજૂરી કરાવતા વીડિયો વાયરલ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

કપડવંજમાં શિક્ષણ જગતને શરમાવે તેવી બે ઘટનાઓ સામે આવી છે. જેમાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ પાસે મજૂરી કરાવવામાં આવી. જ્યારે સી.એન. વિદ્યાલયના 7 વિદ્યાર્થીઓ પાસે ગોડાઉનમાં સાયકલો ઉતારવાનું કામ કરાવવામાં આવ્યું. બોર્ડની પરીક્ષાઓ નજીક હોવા છતાં વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રકારે મજૂરી કરાવવા બદલ શિક્ષકો સામે કડક પગલાં લેવાની માંગ ઉઠી છે.





કપડવંજમાં શિક્ષણ જગતને શરમાવે તેવી બે ગંભીર ઘટનાઓ સામે આવી છે, જ્યાં બાળકોને ભણાવવાને બદલે તેમની પાસે જોખમી મજૂરી કરાવવામાં આવી રહી છે. એક ઘટના તોરણા કે. સી. ભગત હાઈસ્કૂલની છે, શાળામાં વિદ્યાર્થીઓ પાસે જ સાયકલો ઉતારવામાં આવતા હોય તેવા વિડીયો પણ વાયરલ થઈ રહ્યા છે. બીજી ઘટના કપડવંજમાં એ.સી. કોટન ગોડાઉનમાંથી સામે આવી છે, જ્યાં સી.એન. વિદ્યાલયના ધોરણ 10 અને 12ના 7 વિદ્યાર્થીઓ પાસે મજૂરી કરાવીને આઈસરમાં સાયકલો ભરાવવામાં આવી હતી. બોર્ડની પરીક્ષાઓ નજીક હોવા છતાં, વિદ્યાર્થીઓનો અભ્યાસ બગાડીને શિક્ષકોએ આ કામગીરી કરાવી હતી. જ્યારે જાગૃત નાગરીકો સાયકલના ગોડાઉન પર પહોંચી ત્યારે સમગ્ર મામલો સામે આવ્યો હતો. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે તેમને શાળાના આચાર્યએ મોકલ્યા છે.

આ અંગે જાગૃતજનોની હાજરી જોતા શિક્ષકોએ તરત જ વિદ્યાર્થીઓને કામ કરતા રોક્યા હતા અને પોતે કામ કરવા લાગ્યા હતા. ત્યારબાદ, શાળાના પ્રિન્સિપાલ કે અન્ય કોઈ શિક્ષક સ્થળ પર આવીને વિદ્યાર્થીઓને પોતાની કારમાં બેસાડીને શાળામાં લઈ ગયા હતા. ધોરણ 10 અને 12 વિદ્યાર્થીઓના કારકિર્દી માટેનું મહત્વનું વર્ષ હોવા છતાં, આ પ્રકારે મજૂરી કરાવનાર શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે. આ ગંભીર બેદરકારી સામે જવાબદારો સામે કાર્યવાહી થશે કે નહીં ? તે અંગે વાલીઓમાં પ્રશ્નાર્થ ઉઠ્યો છે.

### યોગ્ય કાર્યવાહી કરાશેઃ શિક્ષણાધિકારી

'આ અંગેની માહિતી મળી છે. જેથી આચાર્યને તત્કાલ ટેલિફોનીક સૂચના આપી અને ખુલાસો આપવા માટે જણાવ્યુ છે. આ પ્રકારની ઘટના ઉચિત નથી. આ અંગે તમામ તપાસ કર્યા બાદ સત્વરે યોગ્ય કાર્યવાહી કરાશે.' **- કલ્પેશ રાવલ, જિલ્લા શિક્ષણાધિકારી, ખેડા.**

### બાળકોની જોખમી સવારીનો વીડિયો વાયરલ

નડિયાદ-કપડવંજ હાઇવે પરથી પસાર થતા એક ટ્રકનો વીડિયો વાયરલ થયો છે, જેમાં વિદ્યાર્થીઓ જીવના જોખમે મુસાફરી કરી રહ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક ટ્રકમાં સરકારી સહાયની સાયકલોનો મોટો જથ્થો ભરેલો છે અને તેની ઉપર 6 જેટલા વિદ્યાર્થીઓ બેઠા છે. વાહન ચાલું હોય ત્યારે પણ તેઓ હિલચાલ કરતા દેખાઈ રહ્યા છે. વાહનની ઉપર બેસીને મુસાફરી કરવી એ અત્યંત જોખમી છે અને કોઈપણ સમયે મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે. આ વિડીયો શિક્ષણ જગતની બેદરકારી અને બાળકોના જીવ સાથે થતા ચેડાં કરતો હોવાનું સ્પષ્ટ રીતે ફલિત થઈ રહ્યુ છે, ત્યારે જવાબદારો સામે કાર્યવાહી કરાશે કે કેમ? તે મહત્વનો પ્રશ્ન બન્યો છે.

---

### ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની ચૂંટણીમાં કોંગ્રેસનો એકડો કાઢી નાંખવાના ભાજપ મક્કમ

# અમૂલમાં હરિફ ઉમેદવાર તરીકે ફોર્મ ભરનારા ભાજપ 3 કાર્યકર સસ્પેન્ડ

**આણંદના** બે અને પેટલાદના કાર્યકરે પક્ષની સુચના છતાં ઘરાર ફોર્મ પરત ખેંચ્યા નહતા

(પ્રતિનિધિ) પેટલાદ તા.3

આણંદ જીલ્લામાં સહકારી ક્ષેત્રની સૌથી મોટી સંસ્થા અમૂલ ડેરીની હાલ ચુંટણીનો માહોલ જામ્યો છે. આ ચુંટણી જાહેર થઈ ત્યારથી આજદિન સુધીમાં દિન પ્રતિદિન ઉત્તેજના વધતી જ જાય છે. જો કે આ વખતે ભાજપે મતદાન પહેલા જ ચાર બેઠકો બિનહરીફ વિજેતા થઈ પોતાનું ખાતું ખોલાવી દીધું છે. પરંતુ હજી બાકી રહેલી બેઠકોના મતદાન પહેલા હરીફ ઉમેદવારોને સજ્જડ મ્હાત કરવા તમામ પ્રકારના હથકંડા અપનાવવામાં આવી રહ્યા છે. અમૂલની મંડળી વિભાગની 9 બેઠકો માટે મતદાન આગામી 10મી સપ્ટેમ્બરના રોજ થશે. તે પૂર્વે પેટલાદ અને આણંદ બ્લોકના ભાજપના ઉમેદવાર સામે ભાજપના જ કાર્યકરોએ ફોર્મ ભરયાં હતાં અને તેમને પરત ખેંચવાની સુચના આપવા છતાં ઘરાર માન્યા ન હતા અને પક્ષની સુચનાની અવગણના કરી હતી. આથી, ઉમેદવારી કરનારા ત્રણને પાર્ટી દ્વારા બરતરફ કરતા સહકારી ક્ષેત્રે ચકચાર મચી જવા પામી છે.

આણંદ સ્થિત ધી ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (અમૂલ ડેરી)ની ચુંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થયું ત્યારથી જ ભાજપ આક્રમક મૂડમાં જોવા મળે છે. અત્યાર સુધી અમૂલ ઉપર કોંગ્રેસની પક્કડ મજબૂત હતી. પરંતુ છેલ્લા એક દશકથી ભાજપે અમૂલમાં જબરજસ્ત પગપેસારો કર્યો છે. તેમાંય આ વખતે તો અમૂલમાંથી કોંગ્રેસનો એકડો જ કાઢી નાંખવાના મૂડમાં ભાજપ આવી ગયું હોય એટલી આક્રમકતાથી આગળ વધી રહ્યું છે. અમુલમાં મંડળી વિભાગની 12 અને વ્યક્તિ વિભાગની એક મળી કુલ 13 બેઠકો માટે ચુંટણી પ્રક્રિયા ચાલી રહી છે. આ ઉમેદવારોની આખરી યાદી પ્રસિદ્ધ થતા હરીફોનું ચિત્ર સ્પષ્ટ થયું હતું. જેમાં મંડળી વિભાગની 12 પૈકી 4 બેઠકો બિનહરીફ થતાં હવે 8 બ્લોક અને વ્યક્તિગત વિભાગમાં મતદાન 10મીએ યોજાશે. તેમાંય આણંદ જીલ્લામાં આણંદ અને પેટલાદ બ્લોક ઉપર ભારે રસાકસી જોવા મળી રહી છે. આણંદ બ્લોકમાં પાંચ ઉમેદવારો વચ્ચે તીવ્ર હરીફાઇ ચાલી રહી છે. આ બ્લોકમાં મતદારો માત્ર 110 છે, જ્યારે ઉમેદવારો પાંચ છે. જેમાં એક પાટીદાર અને ચાર ક્ષત્રિય ઉમેદવારો છે.

આ બેઠક ઉપર ભારે રસાકસી વચ્ચે આજરોજ ભાજપ દ્વારા હરીફ ઉમેદવાર સામે પાર્ટીમાંથી બરતરફનું કરવાનું હથિયાર ઉગામ્યું છે. આ બેઠક ઉપર ભાજપના કાંતિભાઈ સોઢા પરમાર સામે ભાજપના જ પિયુષભાઈ રાજ અને ભરતભાઈ સોલંકીએ ફોર્મ ભર્યા હતા. જેથી પાર્ટીના જીલ્લા પ્રમુખ સંજયભાઈ પટેલે આ બંન્ને સામે શિસ્ત અને નિયમોનું ઉલ્લંઘન કરનારને સક્રીય તથા પ્રાથમિક પદેથી બરતરફ કરવામાં આવ્યા છે.

### કડાણાના ખેતરમાંથી નવજાત શિશુ મળ્યું

(પ્રતિનિધિ) કડાણા, તા.3

કડાણાના બુચાવાડામાં કોઇ અજાણી સ્ત્રીએ તાજી જન્મેલી બાળકીને ખેતરમાં નોંધારી મુકીને ત્યજી દીધી હતી. આ ઘટનાથી અરેરાટી વ્યાપી હતી.

કડાણા બુચાવાડાના રહેવાસી રામાભાઇ અમરાભાઇ ડામોરને ફળીયામાં રહેતા મંગુબેન રમણભાઇ વાગડીયા અને રેવાબેન ભરતભાઇ વાગડીયાએ આવીને લાવારીસ બાળકી મળી હોવાનું જણાવ્યું હતું. જેથી રામાભાઇ અને સર્વે લોકો ભરતભાઇ લેબાભાઇ વાગડીયાના ખેતરમાં જતા ત્યાં એક તાજી જન્મેલી બાળકી જીવીત હાલતમાં જોવા મળી હતી. જેને લઇને લોકોનો જમાવડો થઇ ગયો હતો.જે પૈકી કોઇએ 108ને જાણ કરી બોલાવી લીધી હતી અને 108 મારફતે બાળકીને લુણાવાડા દવાખાને સારાવાર અર્થે ખસેડી હતી. તો મળી આવેલ લાવારીસ બાળકી અંગે રામાભાઇએ કડાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

### પરિણીતાની પ્રસુતિ બાદ મોડી રાત્રે અમદાવાદ રીફર કરતા મોત થયાનો આક્ષેપ

# સોજાલી ગામની પરણિતાનું સારવાર દરમિયાન શંકાસ્પદ મોત થતા હોબાળો

**પરીવારે** હોસ્પિટલનો ઘેરાવ કરતા ડોક્ટર અને સ્ટાફ હોસ્પિટલ બંધ કરી ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ, તા.3

મહેમદાવાદના સોજાલી ગામની એક પરણિતાનું ડિલિવરી બાદ શંકાસ્પદ સંજોગોમાં મોત થતા ભારે હોબાળો મચ્યો છે. પરિવારજનોએ બારેજડીની ધવલ હોસ્પિટલના ડોક્ટર પર બેદરકારીનો ગંભીર આરોપ લગાવ્યો છે.

મહેમદાવાદના સોજાલી ગામમાં રહેતા જાગૃતિબેન રાજુભાઈ રાઠોડને ડિલિવરી માટે બારેજડી ગામમાં આવેલી ધવલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા મુજબ, હોસ્પિટલમાં ડિલિવરી દરમિયાન જાગૃતિબેનની તબિયત લથડી હતી, અને હોસ્પિટલ દ્વારા તાત્કાલિક કોઈ પગલાં લેવામાં આવ્યા ન હતા. આખરે, ગંભીર પરિસ્થિતિ ઊભી થતાં ડોક્ટરે તેમને અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં રીફર કર્યા હતા. જોકે, ત્યાં પણ તેમની સ્થિતિ સુધરી ન હતી, અને મોડી રાત્રે તેમનું મૃત્યુ થયું હતું. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો. આજે પોસ્ટમોર્ટમ બાદ જ્યારે મૃતદેહને સોજાલી ગામે સાસરીમાં લઈ જવાની તૈયારી હતી, ત્યારે જ જાગૃતિબેનના પિયર પક્ષના લોકોએ ધવલ હોસ્પિટલ ખાતે પહોંચીને ભારે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. તેમણે આક્ષેપ કર્યો કે ડોક્ટરની બેદરકારીના કારણે જ જાગૃતિબેનનું મૃત્યુ થયું છે. પરિવારજનોએ હોસ્પિટલ પર ભારે હોબાળો મચાવતા અને ન્યાયની માંગ કરતા વાતાવરણ તંગ બન્યું હતું. પરિસ્થિતિ વણસતી જોઈને હોસ્પિટલના ડોક્ટર અને સ્ટાફ તાત્કાલિક હોસ્પિટલને તાળું મારી ફરાર થઈ ગયા હતા. બપોરના 1 વાગ્યાથી પરિવારજનો મૃતદેહને લઈને હોસ્પિટલ બહાર જ બેઠા છે અને ન્યાયની માંગ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી જવાબદાર ડોક્ટર સામે કડક કાર્યવાહી નહીં થાય અને તેમને યોગ્ય ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ મૃતદેહ સ્વીકારશે નહીં. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે અને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.



---

# આણંદમાં ગંદકી - પ્લાસ્ટીકનો વપરાશ કરતાં 122 વેપારી દંડાયાં

**કરમસદ - આણંદ** મહાનગરપાલિકા દ્વારા 1.94 લાખનો દંડ વસુલવામાં આવ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.3

કરમસદ - આણંદ મહાનગરપાલિકા દ્વારા ઓગસ્ટ માસ દરમિયાન જાહેરમાં ગંદકી કરતા લોકો તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતાં 122 એકમો સામે દંડકીય કાર્યવાહી કરી વસુલ કર્યો રૂપિયા 1.94 લાખ દંડ વસુલવામાં આવ્યો હતો.

કરમસદ - આણંદ મહાનગરપાલિકાની સેનિટેશન વિભાગની ટીમ દ્વારા ઓગસ્ટ માસ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં જાહેરમાં ગંદકી કરતા લોકો સામે તેમજ સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતાં 122 એકમો સામે દંડકીય કાર્યવાહી કરી રૂપિયા 1.94 લાખનો વહીવટી ચાર્જ વસૂલ કર્યો છે, અને 115 કિલો પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામા આવ્યો છે. આ ઉપરાંત મહાનગરપાલિકાના સેનેટરી ઈન્સ્પેક્ટર અને ટીમ દ્વારા લોકોને જાહેરમાં ગંદકી ન કરવા માટે જણાવાયું છે, અને વેપારીઓ સિંગલ યુઝ પ્લાસ્ટિક નો ઉપયોગ ન કરે તે માટે પણ જરૂરી સુચના આપવામાં આવી છે.

વધુમાં સેનેટરી ઈન્સ્પેક્ટરના જણાવ્યા મુજબ, મનપાની ટીમ દ્વારા વિવિધ વિસ્તારોમાં આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવશે, અને જે લોકો જાહેર આરોગ્યને નુકસાન થાય તે રીતે ગંદકી કરતા હશે કે જાહેરમાં કચરો નાખતા હશે તો આવા લોકોની સામે કાયદાની જોગવાઈને આધિન દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. ભીનો અને સૂકો અલગ અલગ ડસ્ટબિનમાં નાંખવા અપીલ કરવામાં આવી છે.

# વિદ્યાનગરમાં નકલી પોલીસ બની 3.38 લાખનો તોડ કરનારો શખસ પકડાયો

**વૃદ્ધને ચેક** બાઉન્સમાં ધરપકડ કરવાની ધમકી આપી રૂ.3.38 લાખ ખંખેર્યાં હતાં

(પ્રતિનિધિ) આણંદ તા.3

આણંદ શહેરના લાંભવેલ રોડ પર રહેતા વયોવૃદ્ધને ચેક બાઉન્સ કેસમાં ધરપકડ કરવાની ધમકી આપી રૂ.3.38 લાખનો તોડ કરવાની ઘટના બની હતી. આ શખસ નકલી પોલીસ હોવાનું બહાર આવતા વિદ્યાનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જેમાં કરમસદનો યુવક હોવાનું બહાર આવતા તેની ધરપકડ કરી હતી.

આણંદ શહેરના લાંભવેલ રોડ પર આવેલા સામોલા હાઈટ્સ સોસાયટીમાં રહેતા ઈન્દ્રજીતભાઇ અંબાલાલ પટેલનો વર્ષ 2025માં રૂ.3.85 લાખનો ચેક બાઉન્સ થયો હતો. જે બદલ બોરસદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જોકે, આ કેસ ઈન્દ્રજીતભાઇ હારી ગયા હતા. જે કેસ સંદર્ભે તેમણે આણંદ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. પરંતુ 11મી ફેબ્રુઆરી, 2025 ના રોજ રકમ પરત કરતા કેસ સંદર્ભે સમાધાન થયું હતું અને મામલો પતી ગયો હતો. પરંતુ પહેલી ફેબ્રુઆરી, 2025ના ઈન્દ્રજીતભાઇ બજારમાં હતા. તે સમયે પોલીસની ઓળખાણ આપી અજાણ્યા શખસે ઈન્દ્રજીતભાઇના નામનું વોરંટ લઇ ઘરે પહોંચ્યાં હતાં. ઈદ્રજીતભાઇ ઘરે ન હોવાનું તેમના પત્નીએ જણાવતા આ શખસ મોબાઈલ નંબર આપી ગયો હતો. બાદમાં ઘરે આવેલા ઈદ્રજીતભાઈએ ફોન કરતા ફોન નંબર વ્યસ્ત આવતો હતો. પરંતુ બીજા દિવસે 2જી ફેબ્રુઆરી, 2025 ના રોજ હું પોલીસ બોલું છુ તેમ કહ્યું હતુંઅને 138ના કેસમાં તમે બે વર્ષથી નાસતા ફરો છો. જેથી તમારૂ વોરંટ નીકળ્યું છુ તેમ કહી આ ઈસમે ફોનમાં ધાક આપી હતી. પછીથી ઈદ્રજીતભાઇને કરમસદ બળિયાદેવ મંદિર પાસે આવવાનું જણાવ્યું હતુ. આથી, ઈદ્રજીતભાઇ રીક્ષા મારફતે બળિયાદેવ ચોકડી પહોચતા તેમને શ્રીજી સોસાયટીના બંગલા નં.5માં બોલાવ્યાં હતાં. જ્યાં ઈદ્રીજીતભાઇ પહોચતા ઈસમે મોન્ટુ તરીકે ઓળખ આપી બોરસદ પોલીસમાં હોવાનુ જણાવી ઈદ્રજીતભાઇના નામનું વોરંટ બતાવ્યું હતુ અને જેલમાં ધકેલી દેવાની ધમકી આપી પૈસાની માગણી કરી હતી. જેને લઇને ઈન્દ્રજીતભાઇ ગભરાઇ જતા ઈસમે ઈદ્રજીતભાઇ પાસેથી એટીએમમાં 50 હજાર ઉપડાવી હાથવગા કર્યા હતા. જો કે પૈસા ખંખેરવાની લંપટલીલા અહીંજ અટકતી નથી. 3જી ફેબ્રુઆરી, 2025 ના ફરીથી ફોન કરી ઈસમે વધુ 36 હજાર ખંખેરી લીધા હતા અને અલગ અલગ એટીએમમાંથી કુલ 3.38 લાખ પડાવી લીધા હતા. મોડે મોડે પણ ઈદ્રજીતભાઈને ઈસમ ઉપર શંકા થઈ આવતા તેમણે તે દિશામાં તપાસ કરતા મોન્ટુ નામનો શખ્શ પોલીસ વાળો નહીં પણ ધર્મવીર મંગળભાઈ પટેલ (રહે.કરમસદ) નો હોવાનું જાણવા મળ્યું હતુ.. આ અંગે ઈદ્રજીતભાઈએ નકલી પોલીસ બની ડરાવનારા ધર્મવીર પટેલ સામે વિદ્યાનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી વધુ તપાસ માટે 2 દિવસના રિમાન્ડ મેળવ્યાં હતાં.

# સિંહોલની દૂધ મંડળીના ઓડિટ સમયે સેક્રેટરી ગુમ

**ઓડિટરને** દિવસ દરમ્યાન સેક્રેટરીએ હાજર રહેવામાં ગલ્લા તલ્લા કર્યા

(પ્રતિનિધિ) પેટલાદ તા.3

પેટલાદના સિંહોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.માં ઉચાપત અને વહીવટી ગેરરીતિ તેમજ ઓડિટમાં રહેલી ખામીઓ અંગે ધ્યાન દોરીને રિઓડિટની માંગણી કરવામાં આવી હતી. જે સંદર્ભમાં સ્પેશિયલ ઓડિટરની કચેરીના ઓડિટર પી.યુ.પટેલ અને સબ ઓડિટર એમ.એ.પઠાણ બુધવારે સવારના સાડા આઠ વાગ્યે મંડળીમાં ઓડિટ માટે પહોંચ્યા હતા. મંડળીમાં સેક્રટરી રમેશ જાદવ હાજર નહીં હોવાથી અન્ય કર્મચારી પાસેથી સંપર્ક નંબર મેળવીને સંપર્ક કરતા તેઓએ મહેળાવ પોલીસ મથકમાં હોવાનું જણાવીને પાંચ મિનિટ પછી ફોન કરવા જણાવ્યું હતું. બાદ ફરીથી 11 વાગ્યે સેક્રેટરી રમેશ જાદવને ફરીથી ફોન કરતાં 12 વાગ્યા સુધીમાં મંડળી પર આવી જઈશ તેમ જણાવ્યું હતું. પરંતુ મંડળી પર આવ્યા નહોતા. સેક્રેટરી રમેશ જાદવનો સંપર્ક કરવા માટે મંડળીના ચેરમેન દિલીપ જાદવનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેઓએ જણાવેલ કે, અમારે મંડળીનું ઓડિટ હાલમાં કરાવવુ નથી. તમે ઓડિટ માટે 15મી તારીખ પછી આવજો. ફરીથી સેક્રેટરી રમેશ જાદવનો સંપર્ક કરતા બપોરના ત્રણ વાગ્યા સુધી મંડળીએ પહોંચવાની વાત કરી પરંતુ મંડળીએ પહોંચ્યા જ નહીં. ત્રણ વાગ્યા સુધી રમેશ જાદવ નહીં આવતાં ફરીથી સંપર્ક કરતાં તેઓનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દેવામાં આવ્યો હતો. આમ દિવસ દરમિયાન સેક્રેટરી રમેશ જાદવે ગલ્લા તલ્લા કરીને હાજર ના થતાં ઓડિટની કામગીરી થઇ શકી નહોતી.

# કંકાપુરા તળાવમાં સવા મણ પથ્થરની કુંડીમાં ભગવાનનો જળવિહાર

**મહીકાંઠાના 20** ઉપરાંત ગામોની 15 હજાર જેટલી જનમેદની દર્શનાર્થે અને મેળાનો આનંદ મ્હાલવા ઊમટી

(પ્રતિનિધિ) બોરસદ તા 3

બોરસદ તાલુકાના કંકાપુરામાં ભાદરવા સુદ અગિયારસ એટલે કે જળઝીલણી એકાદશીના રોજ સવામણ વજનની પથ્થરની રામકુંડી દંડપાણેશ્વર તળાવમાં તરતી મૂકવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. જે મુજબ બુધવારે સાંજે દંડપાણેશ્વર મહાદેવ મંદિરે વિશાળ ચોકમાં લોકમેળાના માહોલમાં મંદિરના મહંત અરવિંદદાસજીના હસ્તે હજારો જનમેદનીની ઉપસ્થિતિમાં ભગવાનને બિરાજમાન કરી રામકુંડીને તળાવમાં તરતી મૂકવામાં આવી હતી

મહી કાંઠા વિસ્તારમાં ઐતિહાસિક અને ધાર્મિક રીતે મહત્ત્વનું સ્થાન ધરાવતા કંકાપુરામાં જળઝીલણી એકાદશી દરમ્યાન લોકમેળા અને કુંડીના જળઝુલણ વિધિ દરમ્યાન મહીકાંઠા વિસ્તારના વીસ ઉપરાંત ગામોની 15 હજાર જેટલી જનમેદની કુંડીના દર્શનાર્થે અને મેળાનો આનંદ મ્હાલવા ઊમટી પડી હતી , રામજી મંદિરના મહંતશ્રી ૧૦૮ શ્રી અરવિંદદાસજી મહારાજના વરદ્ હસ્તે સવામણ વજનની પથ્થરની કુંડીમાં ભગવાનને દંડપાણેશ્વર તળાવમાં જળવિહાર કરાવવામાં આવ્યો હતો

જળ ઝુલણી એકાદશી પર્વ ટાણે યોજાયેલા મેળામાં દંડપાણેશ્વર તળાવમાં તરતી મૂકાયેલ કુંડીનું નિર્માણ 700 વર્ષ પૂર્વે રામેશ્વરના પથ્થરમાં કરવામાં આવ્યું હોવાનું મનાતું હોવાથી મહી કાંઠા પંથકમાં કુંડીના દર્શનનો મહિમા અનેરો છે. રામકુંડીના જળઝુલણ વિધિ પૂર્વે મહાદેવ મંદિર અને રામજી મંદિરેથી રામકુંડીની શાહીશોભા યાત્રા યોજાઈ હતી . પથ્થરની કુંડીને સરોવરમાં તરતી જોઈને મેળામાં પધારેલ મહેરામણ ધન્યતા અનુભવી હતી .




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**